COVID-19 ની મહામારીને અનુલક્ષીને રાજયની કોલેજ/યુનિવર્સિટીની પરીક્ષા આયોજન, આગામી શૈક્ષણિક વર્ષની પ્રવેશ પ્રકિયા અને શૈક્ષણિક કાર્ય દરમ્યાન વિદ્યાર્થીઓની ફીઝીકલ movement નિયંત્રિત કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૩/૦૬/૨૦૨૦

પરિપત્રઃ

COVID-19 ની મહામારીને નિયંત્રણમાં લાવવા માટે અને કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા વખતોવખત માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવી છે જેને અનુલક્ષીને સોશિયલ ડિસ્ટન્સીંગની સુચનાઓનું પાલન કરવાના હેતુથી કોલેજ/યુનિવર્સિટીનું શૈક્ષણિક કાર્ય હાલમાં સંપૂર્ણપણે બંધ છે. COVID-19 ની મહામારીને ધ્યાને રાખીને કોલેજ/યુનિવર્સિટીઓની પરીક્ષાઓ, આગામી શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ પ્રકિયા અને શૈક્ષણિક કાર્ય શરૂ કરવા સંબંધે શિક્ષણ વિભાગના તા.૨૪/૦૫/૨૦૨૦ ના સમાનાંકી ઠરાવથી જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે. તેને અનુલક્ષીને નીચે જણાવેલ સુચનાઓ આપવામાં આવે છે જેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાના સઘન પ્રયત્નોના ભાગરૂપે વિદ્યાર્થીઓએ movement કરવી ન પડે તે અંગે વિશેષ કાળજી લેવાય તે જરૂરી છે. તેથી હાલની COVID-19 ની મહામારીની પરિસ્થિતિને ધ્યાને લેતાં વિદ્યાર્થીઓએ કૉલેજ/યુનિવર્સિટીમાં જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટેના ફોર્મ મેળવવા, પ્રવેશ માટેના ફોર્મ જે તે કેન્દ્ર પર જમા કરાવવા અને તે સાથે રજૂ કરવાના દાખલા/દસ્તાવેજો અને પ્રવેશ વગેરે માટેની ફી જમા કરવા માટેની તમામ પ્રક્રિયા ઓનલાઇન કરવામાં આવે તેવી વ્યવસ્થા યુનિવર્સિટીઓ/કાલેજો દ્વારા ગોઠવવાની રહેશે. પ્રવેશ પ્રક્રિયા પુર્ણ કર્યા પછી પરિસ્થિતિ સુધરે ત્યારબાદ વિદ્યાર્થીઓએ રજૂ કરેલ દાખલા/દસ્તાવજોની ફીઝીકલ ચકાસણી(Verification) પછીથી સક્ષમ સત્તામંડળે કરવાની રહેશે.

3. જે વિદ્યાર્થીઓએ ફીઝીકલ પરીક્ષા આપવાની થાય છે તે વિદ્યાર્થીઓને પરીક્ષામાં હાજર રહેવા માટેની હોલ ટિકિટ લેવા માટે વિદ્યાર્થીઓએ movement કરવી ન પડે તે માટે હોલ

ટિકિટ પણ વિદ્યાર્થીઓને ઓનલાઇન મળી શકે તેવી વ્યવસ્થા યુનિવર્સિટીઓ/કાલેજો દ્વારા ગોઠવવાની રહેશે.

૪. શિક્ષણ વિભાગના તા.૨૪/૦૫/૨૦૨૦ ના સમાનાંકી ઠરાવથી સેમેસ્ટર ૩, ૫ અને ૭ નું શૈક્ષણિક કાર્ય તા.૨૧.૦૬.૨૦૨૦થી Online પધ્ધતિથી કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે તેને ચૂસ્તપણે અનુસરવાનું રહેશે અને સરકાર તરફથી અન્ય સુચનાઓ આપવામાં ન આવે ત્યાં સુધી ફીઝીકલ કલાસીસ શરૂ ન થાય તેની ખાસ કાળજી તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓએ રાખવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

રોનક મહેતા

( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- વાઇસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ.
- તમામ સરકારી/બિનસરકારી અનુદાનિત/ખાનગી કોલેજો(ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- સીલેક્ટ ફાઇલ